OFFICE OF THE
**DISTRICT ELECTION OFFICER & COLLECTOR**
**KHEDA - NADIAD**
Jilla Seva Sadan, 3rd Floor, "B" Block, Dabhan Road, Nadiad
Office Telephone No.(0268) 2553046, Fax :: 2553347
E-mail : deputydeokheda2014@gmail.com

**નં.ચટણ/ગ્રા.પં.૨૦૨૫/વશી/**3830-3840 **તા....10.../૦૬/૨૦૨૫**

પ્રતિ,
**એકતા ઓફસેટ પ્રા.લિમી.**
પીપલગ ચોકડી રોડ,
મું.પીપલગ
(મો)૯૯૦૪૮ ૫૩૮૦૦

**વિષય ::–** **<u>ગ્રામ પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણીઓ : જુન–૨૦૨૫</u>**
મતપત્રોના છાપકામ અંગે.

**સંદર્ભ ::–**
(૧) અત્રેની કચેરીના હુકમ નં.ચટણ/સ્થા.સ્વ.સં./વશી–૩૧૪૩ તા.૨૮/૦૫/૨૦૨૫
(૨) રા.ચૂં.આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–પચત–મપન–૯૫, તા.૦૩/૦૫/૧૯૯૫
(૩) રા.ચૂં.આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/પચત/મપન/૯૫, તા.૧૭/૦૫/૧૯૯૫
(૪) રા.ચૂં.આયોગ, ગાંધીનગરના સુધારા આદેશ ક્રમાંક : રાચપ/ચટણ/પચત/મપન/ ૯૯, તા.૧૨/૦૨/૧૯૯૯

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ–(૧) ના અત્રેના હુકમથી છાપકામની કામગીરીના આપના ભાવો મંજુર થયેલ છે. જે મુજબ મતપત્રોના ભાવ–૯ ઉમેદવાર સુધી ૧૦૦–નંગના રૂા.૧૩૭/– તથા ૯–થી વધુ ઉમેદવાર માટે ૧૦૦–નંગના રૂા.૧૫૯/– ભાવ મંજુર કરવામાં આવેલ છે. સદર ભાવે અને સંદર્ભ–(૨) થી (૪) ના પરિપત્રની સુચના મુજબ આ ચૂંટણીઓ માટેના મતપત્રનું છાપકામ કરી સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને પુરા પાડવાના રહેશે. જે કામે નીચેની સુચનાઓનું અચુક પાલન થાય તે જોવાનું રહેશે.

(૧) હરીફ ઉમેદવારોની યાદી તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ બપોરના ૩.૦૦ કલાક પછી તે સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી, આ ચૂંટણી અધિકારીઓ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ ૩.૦૦ વાગ્યા પછી આપના પ્રેસ ખાતે મતપત્ર છાપકામ માટે આવશે.

(૨) આ મતપત્ર ગુજરાતી ભાષામાં છાપવાનું રહેશે.

(૩) મતપત્ર ઉપરના સૌથી છેલ્લા હરીફ ઉમેદવાર પછી તુર્તજ "ઉપરના પૈકી કોઈ નહિ" તેમ છાપવું અને તેની સામે તેનું પ્રતિક છાપવું.

(૪) સામાન્ય મતપત્રોના અનુક્રમ નંબર–૦૦૦૧ (ચાર ડિજીટ) થી તેમજ ટપાલ મતપત્રોના અનુક્રમ નંબર પણ ૦૦૦૧ (ચાર ડિજીટ) થી શરૂ કરવાના રહેશે અને દરેક મતપત્રોની ૫૦–૫૦ ની થોકડી કરી, તેને કવરપેજ સાથે સ્ટેપલર મારી તૈયાર કરી આપવાના રહેશે.

(૫) મતપત્રો બે પ્રકારના છાપવાના થાય છે. (૧)સામાન્ય મતપત્રો અને (૨) ટપાલ મતપત્રો.

(૬) સામાન્ય મતપત્રો અને પોસ્ટલ મતપત્રો સરપંચની બેઠક માટે ગુલાબી રંગના અને સભ્ય / વોર્ડની બેઠકના મતપત્રોમાં સફેદ રંગના મતપત્રો છાપવાના છે.

(૭) દરેક ચૂંટણી અધિકારીશ્રી પાસેથી છપાવેલ મતપત્રોનું નિયત પત્રક (તેઓની સહિવાળું) આપે મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

સંદર્ભ–(૨) થી (૪) ના પરિપત્રો / આદેશો તેમજ ગ્રામ પંચાયતવાર ચૂંટણી અધિકારીશ્રીની વિગતનું પત્રક આ સાથે સામેલ છે.

**(જે. બી. દેસાઈ)**
**અધિક જિલ્લા ચૂંટણી અધિકારી**
**(સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ) અને**
**નિવાસી અધિક કલેકટર**
**ખેડા – નડીઆદ**

<u>નકલ રવાના ::–</u> ચૂંટણી અધિકારીશ્રી અને ગ્રામ પંચાયત ચૂંટણી તમામ ....................

૨/– જાણ તેમજ તા.૧૧/૦૬/૨૦૨૫ ના રોજ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરી બપોરના ૩.૦૦ કલાક બાદ ઉકત એજન્સીઓ સંપર્ક કરી મતપત્રો છપાવવાની કાર્યવાહી કરવા સારૂ.

<u>નકલ રવાના ::–</u> મામલતદારશ્રી તમામ (નડીઆદ શહેર સિવાય)

૨/– ઉકત વિગતે મતપત્રો સમયસર છપાય તે જોવા સારૂ.